GJSK140009002025

દાખલ તારીખ–૦૩/૧૦/૨૦૨૫
રજી. તારીખ – ૦૩/૧૦/૨૦૨૫
નિકાલ તારીખ–૨૧/૦૭/૨૦૨૬
સમય:વર્ષ–૦૦ માસ–૦૯દિવસ–૧૮

सत्यमेव जयते

**વડાલીના મે.પ્રિન્સીપાલ સીવીલ જજ(એસ.એમ.પટેલ) સાહેબશ્રીની કોર્ટમાં, મુ.વડાલી જી.સાબરકાંઠા**

**રે.દિ.મુ.નં.૧૩/૨૦૨૫**
**આંક–**

વાદી:– મેસર્સ વલીભાઇ રસુલભાઇના પાવર ઓફ એટર્ની હોલ્ડર
મેમણ દિલાવરભાઇ ગુલામહુસેન,
ઉ.આ.વ.૫૫,ધર્મે–મુસ્લીમ,ધંધો–વેપાર,
રહે.સાબરકાંઠા બેંક સામે,વડાલી,તા.વડાલી, જી.સાબરકાંઠા.

વિરૂધ્ધ

પ્રતિવાદી:– બારોટ જીજ્ઞેશભાઇ ઉર્ફે જીગરભાઇ મહેશભાઇ,
ઉ.આ.વ.૪૫,ધર્મે–હિન્દુ,ધંધો–કોન્ટ્રાકટર,
રહે.ડો.ભટ્ટ સાહેબની બાજુમાં,પંડયા સ્ટ્રીટ ફળીમાં,વડાલી,
તા.વડાલી, જી.સાબરકાંઠા

**દાવો :– રૂા.૨૮,૩૫૫/–(અંકે રૂપીયા અઠ્ઠાવીસ હજાર ત્રણસો પંચાવન પુરા)ના આંકથી રકમ વસુલ મેળવવા માટે**

---

**વાદી તર્ફે :–** વિ.વ.શ્રી.ડી.એન.પટેલ.

**પ્રતિવાદી તર્ફે** –વિ.વ.શ્રી એ.ડી.ગઢવી.

---

**:: ઠરાવ ::**

**દાવા અરજીની ટુંકમાં હકીકત :–**

**(૧)** વાદીની દાવા અરજીની ટુંકમાં હકીકત એવી છે કે,વાદી ઉપરોક્ત સરનામે મેસર્સ વલીભાઇ રસુલભાઇના નામથી પેઢી ધરાવી હોલસેલ તથા રીટેલમાં પી.વી.સી. પાઇપ,કપલર તથા મશીનરી પાર્ટ્સ વિગેરે જેવા સાધન સામગ્રીનો લે–

વેચ કરવાનો ધંધો કરે છે અને તેઓની આ પેઢી રજીસ્ટર પેઢી આવેલ છે અને આ કામના પ્રતિવાદી જે કોન્ટ્રાક્ટરનો ધંધો કરે છે તેથી પ્રતિવાદીને તેમના કોન્ટ્રાકટર ના કામ અર્થે પાઈપલાઈન તથા ફિંટીગના સામાનની જરૂરીયાત ઉપસ્થિત થતા પ્રતિવાદી ધ્વારા વાદીની પેઢીએ આવેલા અને તેમની જરૂરીયાત મુજબનો માલ–સામાન વાદીની પેઢીએથી તા.૧૭/૦૨/૨૦૨૪ના રોજ બિલ નં.૫૦૩થી કુલ રૂા.૨૮,૩૫૫/–પુરાનો ખરીદ કરેલ હતો અને તે ખરીદ માલના બાકી લ્હેણા રકમ રૂા.૨૮,૩૫૫/–પુરા ચુકવવા માટે પ્રતિવાદીએ વાદીને જણાવેલ કે,“હું આ બાકિ લ્હેણા તમોને મારા કોન્ટ્રાક્ટરના કામના પૈસા મળશે તે સમયે પરત આપી દઈશ” તેવો વિશ્વાસ અને ભરોસો આપતા વાદીએ તેમની ઉપર વિશ્વાસ રાખી સદર માલના લ્હેણા બાકી રાખી પ્રતિવાદીને તેમની જરૂરીયાત મુજબનો માલ સામન આપેલ.ત્યારબાદ વાદી ધ્વારા તેઓની પેઢીના કાયદેસદરના લહેણા વસુલ કરવા સારૂ પ્રતિવાદી પાસે માંગણી કરતા પ્રતિવાદી ધ્વારા એક યા બીજા વાયદા બતાવવા લાગેલા અને કહેવા લાગેલા કે,“હું થોડાક સમયબાદ તમોને તમારા કાયદેસરના લહેણા પરત આપી દઈશ" તેથી વાદીને પ્રતિવાદી ઉપર વિશ્વાસ અને ભરોસો હોઈ તેથી પ્રતિવાદીના કહેવા અનુસાર સમય પસાર કરેલો ત્યારબાદ વાદી ધ્વારા સમય પસાર કર્યા બાદ ફરીવાર સમય અનુસાર તેમની પાસે કડક ઉઘરાણી કરેલ તો,પ્રતિવાદી ધ્વારા વાદી ઉપર એકાએક ઉશ્કેરાઈ ગયેલા અને કહેવા લાગેલા કે, "મારે તને કોઈ નાંણા આપવા નથી અને હવે જો તુ મારી પાસે નાંણાની ઉઘરાણી કરીશ તો તને અહિયા જ જાનથી મારી નાખી પતાવી દઈશ અને તારાથી થાય તે કરી લે તેમ કહિ ગર્ભીત ધમકીઓ આપી માં–બેન સામી ગાળો બોલી હડધુત કરી વાદીને નાંણા ન ચુકવી આપી કાઢી મુકેલા અને અમો વાદીને તેઓની પેઢીના કાયદેસરના લહેણા પરત ચુકવી આપેલ નથી તેથી વાદી ધ્વારા આ કામના પ્રતિવાદીને તેઓના એડવોકેટ મારફતે લીગલ નોટીસ તા.૨૮/૦૭/૨૫ના રોજ બાય રજી.પો.એડી મારફતે મોકલી આપેલ જે નોટીસની બજવણી આ કામના પ્રતિવાદીને તા.૨૯/૦૭/૨૦૨૫ના રોજ થયેલ હોવા છતાં નિયત સમયમાં વાદીના લ્હેણા ચુકવી આપેલ નથી કે નોટીસનુ કોઈ પાલન કરેલ નથી કે નોટીસનો કોઈ જવાબ આપેલ નથી આમ,પ્રતિવાદીએ વાદીની પેઢીએથી

માલ–સામાન ખરીદ કરી,તેના બાકિ લહેણા રૂા.૨૮,૩૫૫/–પુરા ચુકવી આપેલ નથી અને વાયદા અનુસાર વાદીને તેઓની પેઢીના કાયદેસરના લ્હેણા ન ચુકવી આપતા પ્રતિવાદીએ વાદીને ગર્ભીત ધમકીઓ આપી વાદી સાથેના વિશ્વાસ અને ભરોસાનો ભંગ કરી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરેલ હોઈ તેથી વાદીની પેઢી ધ્વારા માલ–સામાનના કાયદેસરના લહેણા પ્રતિવાદી પાસેથી વસુલ મેળવવા માટે કાયદેસર રીતે હક્કદાર છે તેમજ આ કામના પ્રતિવાદી જે વાદીના લહેણા ચુકવવા કાયદેસર રીતે બંધાયેલ હોઇ તેમ છતા વાદીના કાયદેસરના લ્હેણા ચુકવી આપેલ ન હોઈ તેથી આજરોજ આપ નામ.કોર્ટની હકુમતમાં આ દાવો દાખલ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે.

**(૨) વાદીએ દાવા અરજીમાં માંગેલ દાદ :–**

(અ) અમો વાદીની પેઢીના કાયદેસરના લ્હેણા રૂા.૨૮,૩૫૫/– પુરા આ કામના પ્રતિવાદીને તા.૧૭/૦૨/૨૦૨૪ના રોજ માલ–સામાન બાકિ રકમ રાખી વેચાણ આપેલ ત્યારથી આ કામના પ્રતિવાદી અમો વાદીને સદર લ્હેણા ચુકવી આપે તે તારીખ સુધી ૯% ના વાર્ષિક વ્યાજ સહિત આ કામના પ્રતિવાદી જાતે અથવા તો તેમની સ્થાવર તેમજ જંગમ મિલ્કત માંથી વેચી–વેચાવી અમો વાદીને વસુલ અપાવે તેવો વાદીના લાભમાં અને આ કામના પ્રતિવાદી વિરૂધ્ધ હુકમ કરવા મે. કરશોજી.

(બ) નામ.કોર્ટને યોગ્ય ને ન્યાયીક લાગે તેવી દાદ અપાવા વિનંતી કરેલ છે.

**પ્રતિવાદી ધ્વારા આપેલ દાવા અરજીનો લેખીત જવાબ :–**

(૩) આ કામે પ્રતિવાદીને નોટીસ કરવામાં આવતાં જે ધોરણસર બજી જતાં આ કામે પ્રતિવાદી તેમના વિ.વ.શ્રી.મારફતે હાજર રહેલા છે અને આ કામના પ્રતિવાદી ધ્વારા લેખીત જવાબ આંક–૧૦થી રજુ કરેલ છે અને વાદીની દાવા અરજીની તમામ હકીકતોનો અસ્વીકાર કરેલ છે અને હકીકતે જણાવેલ છે કે,આ કામના વાદી સાથે તેઓને કોઇ દાવામાં જણાવેલ વ્યવહાર થયેલ નથી કે, તેઓ કોઇ ચીજવસ્તુ આ કામના વાદીની પેઢીમાંથી લાવેલા નથી.તેઓ પ્રતિવાદી કોઇ કોન્ટ્રાકટર તરીકે કામ કરતા નથી કે તેઓને કોઇ ચીજવસ્તુ લાવવાનુ અને લેવાનો પ્રશ્ન ઉપસ્થીત

થાય. તેઓને જે વકીલ મારફતે નોટીસ આપવામાં આવેલ છે તે નોટીસમાં જણાવેલ હકીકતો તદ્દન ખોટી છે. તેઓને આ કામના વાદીએ દાવો દાખલ કરેલ છે જેમાં તેઓને મળેલ કાગળોમાં ડી–લીસ્ટમાં બીલ નં.૫૦૩ અસલ કોપી રજુ કરેલ છે અને તે તા.૧૭/૦૨/૨૦૨૪નુ છે તે બીલ જોવામાં આવે તો માલ લેનાર તરીકે તેઓની સહી નથી અર્થાત એ થાય કે, આ બીલ ખોટુ ઉભુ કરેલ છે અને આ ખોટા એવીડન્સના આધારે તેઓની વિરૂધ્ધ નામ.કોર્ટમાં દાવો દાખલ કરવામાં આવેલ છે જેથી ખોટી હકીકત ઉભી કરી દાવો દાખલ કરેલ હોઈ વાદીનો સદર દાવો ખર્ચ સહીત નામંજુર કરવા વિનંતી કરેલ છે.

**વાદી તર્ફે રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા :–**

(૪) આ કામે વાદી તર્ફે હાલના કામે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**:: મૌખિક પુરાવા ::**

| ક્રમ નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૨ | વાદી મેમણ દીલાવરભાઈ ગુલામહુસેનનુ સરતપાસનુ સોગંદનામુ |

**:: દસ્તાવેજી પુરાવા ::**

| ક્રમ નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૫ | બીલ નં.૫૦૩ ઓફીસ કોપી |
| ૨ | ૧૬ | નોટીસની સ્થળપ્રત અસલ |
| ૩ | ૧૭ | પોસ્ટની સફેદ પાવતી અસલ |
| ૪ | ૧૮ | એકનોલેજમેન્ટ પાવતી અસલ |
| ૫ | ૧૯ | રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની અસલ ઉપરથી ખરી નકલ |
| ૬ | ૨૦ | પાવર ઓફ એટર્નીની ઝેરોક્ષ નકલ |

(૫) વાદીપક્ષે તેમના વિ.વ.શ્રીએ આંક–૨૧થી કલોજીંગ પુરસીસ આપી પુરાવો પુરો થયેલાનુ જાહેર કરેલ છે અને પ્રતિવાદીપક્ષને પુરતી તકો આપવા છતા કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ નથી અને પ્રતિવાદીપક્ષે આંક–૨૨થી કલોઝીંગ પુરસીસ રજુ કરી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

**(૬)** હાલના દાવાના કામે રજુ થયેલ પક્ષનિવેદનો ધ્યાને લેતાં ન્યાય નિર્ણય સારૂ આંક–૧૧થી નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલ છે.

**<u>–: મુદ્દા :–</u>**

(૧) શું વાદી પુરવાર કરે છે કે આ કામના પ્રતિવાદીએ રૂા.૨૮,૩૫૫/–નો માલ તેઓની પાસેથી ખરીદ કરેલ છે ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, રૂા.૨૮,૩૫૫/– પ્રતિવાદીને માલ વેચાણ કરેલ તે પેટે લ્હેણા છે?

(૩) શું પ્રતિવાદી પુરવાર કરે છે કે,આ કામના વાદીએ બીલ નં.૫૦૩,તા. ૧૭/૦૨/૨૦૨૪વાળુ ખોટુ ઉભુ કરેલ છે?

(૪) શુ હાલના દાવાને કાયદાને બાધ નડે છે ?

(૫) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૬) શું હુકમ અને હુકમનામું?

**(૭)** સદર કામે પક્ષકારો તર્ફે રજુ થયેલ પુરાવાઓ ધ્યાને લેતા ઉપસ્થીત થયેલ મુદ્દાઓનો નિર્ણય નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

(૧) નકારમાં

(૨) નકારમાં

(૩) નકારમાં

(૪) નકારમાં

(૫) નકારમાં

(૬) આખરી હુકમ મુજબ

**–:: દલીલો ::–**

**(૮)** આ કામે પક્ષકારો તર્ફે રજુ થયેલ દલીલો નીચે મુજબ છે.

**<u>વાદી તર્ફે દલીલો :–</u>**

**(૮.૧)** આ કામે વાદી તર્ફે વિ.વ.શ્રી ડી.એન.પટેલ ધ્રારા દલીલો રજુ કરેલ છે.જેમાં મુખ્યત્વે દાવાઅરજીની હકીકતો જણાવેલ છે અને વધુમાં જણાવેલ છે કે આ કામે વાદીની મેર્સસ વલીભાઇ રસુલભાઇ પેઢી રજીસ્ટર્ડ હોય તે બાબતે રજીસ્ટ્રેશન સટીફીકેટ આંક–૧૯થી રજુ કરેલ છે અને હાલના વાદીને

દાવો લાવવા માટે પાવર ઓફ એર્ટની આપેલ હોય જેની નકલ આંક–૨૦થી રજુ છે અને આ કામે વાદીએ પ્રતિવાદીને માલનું વેચાણ કરેલ હોય બીલ નં.૫૦૩ તા.૧૭/૦૨/૨૦૨૪ રૂા.૨૮,૩૫૫/–ની ઓફીસ કોપી આંક–૧૫થી રજુ રાખેલ છે અને આ કામના પ્રતિવાદીની લેણી રકમની નોટીશ તા.૨૮/૦૭/૨૦૨૫ના રોજ આપેલ જે આંક–૧૬થી રજુ છે અને તે નોટીશ પ્રતીવાદીને મળી ગયેલ હોય તે પોસ્ટની આંક–૧૭વાળી સફેદ પાવતી અને આંક–૧૮થી રજુ એકનોલેજમેન્ટની પાવતી પરથી જણાય છે અને પ્રતિવાદીપક્ષે આ કામે નોટીશનો કોઇ જવાબ આપેલ નથી અને આંક–૧૫વાળુ બીલ ખોટુ હોય તેવો કોઇ પુરાવો રજુ કરેલ નથી અને માત્ર ઉડાઉ લેખીત જવાબ દાવાના કામે રજુ કરેલ છે.આમ,પ્રતિવાદીને નોટીશની બજવણી થયેલ હોવા છતા વાદીની કાયદેસરની રકમની ચુકવણી કરેલ ન હોય હાલનો દાવો મંજુર કરવા અરજ છે

**(૯.૨)** આ કામે પ્રતિવાદીઓ તર્ફે વિ.વ.શ્રી. એ.ડી.ગઢવી ધ્વારા મૌખિક દલીલો કરી જણાવેલ છે કે,પ્રતીવાદીપક્ષે વાદીની ઉલટતપાસ કરેલ છે જેમાં એવી હકીકત રેકર્ડ પર આવેલ છે કે,આ કામના પ્રતિવાદી અગાઉ અવારનવાર તેઓની પાસેથી રોકડેથી માલની ખરીદી કરતા હતા અને વાદીપક્ષે આંક–૧૫વાળુ જે બીલ રજુ કરેલ છે તેમાં ખરીદનારની કોઇ સહી નથી,આમ,પ્રતિવાદીએ માલની ખરીદી વાદી પાસેથી કરેલ હોય તેવો કોઇ અનય પુરાવો વાદીપક્ષે રજુ કરેલ નથી તેથી દાવો નામંજુર કરવા અરજ કરેલ છે.

**(૧૦)** આ કામે **વાદી મેમણ દિલાવરભાઇ ગુલામહુસૈનનાઓની આંક–૧૨થી** સરતપાસનુ સોગંદનમુ રજુ કરી આંક–૧ની દાવા અરજીની હકીકતોનુ પુનરાવર્તન કરેલ છે અને દાવાની હકીકત જણાવેલ છે અને પ્રતિવાદી તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં **એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,**હુ પી.વી.સી. પાઇપ, મોટરો,મશીનરી વિગેરેનો ધંધો કરૂ છું.**આ કામના પ્રતિવાદી કોન્ટ્રાકટર તરીકેનો ધંધો કરતા હોય તે બાબતેનો કોઇ દસ્તાવેજી પુરાવો મારી પાસે નથી.આ કામના પ્રતિવાદી અગાઉ અવાર–નવાર અમારી પાસેથી રોકડેથી માલની ખરીદી કરતા**

**હતા.મને દાવાના રેકર્ડમાંથી આંક–૧૫ વાળુ બીલ બતાવવામાં આવે છે અને તેમાં માલ ખરીદનારની સહી છે કે કેમ તે બાબતે પુછતાં જણાવુ છું કે, તેમાં ખરીદનાર તરીકે પ્રતિવાદીની સહી નથી.આંક–૧૫વાળા વેચાણબીલ સીવાય આ કામના પ્રતિવાદીને માલનુ વેચાણ કરેલ હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો મારી પાસે નથી.**

**એ વાત ખરી નથી કે,**હુ આ કામના પ્રતિવાદીને અમો બંને વડાલી મુકામે રહેતા હોઈ જેથી માત્ર નામથી ઓળખુ છું.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે,તેઓને માલનુ વેચાણ કરેલ છે.આ કામના પ્રતિવાદીને આંક–૧૫વાળા બીલ મુજબના માલનુ વેચાણ કરેલ ન હોય તેમ છતાં ખોટી હકીકતો ઉભી કરી ખોટો દાવો દાખલ કરેલ છે.

**(૧૧)** ઉપરોકત મુદ્દાના નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

**–:: કારણો ::–**

**(૧૧.૧)** આ કામે ઘડવામાં આવેલ મુદ્દાઓ અન્વયે પુરાવાઓની ચર્ચા અને મુલ્યાંકન કરતા પહેલા પુરાવના મુલ્યાંકનના સિધ્ધાંતોને ધ્યાને લેતા, જે હકીકત પ્લીડીંગ એટલે કે દાવા અરજી અને દાવા જવાબમાં દર્શાવેલ ન હોય તે હકીકતનો પુરાવો ધ્યાને લઈ શકાય નહીં. ભારતીય પુરાવા અધિનીયમની જોગવાઈ તથા દિવાની કાર્યરીતી સંહીતાની જોગાવાઈઓ ધ્યાને લેતા વાદી કે પ્રતિવાદીએ જે હકીકત પોતાની દાવા અરજી કે દાવા જવાબમાં દર્શાવેલ ન હોય તે અંગેનો પુરાવો આવે તો પણ પ્લીડીંગમાં તેનો આધાર ન હોય તે હકીકત ઉપર આધાર રાખી શકાય નહીં.

**(૧૧.૨)** આ તબકકે રજુ થયેલ પુરાવાઓની ચર્ચા કરતા પહેલા ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ની જોગવાઈ ધ્યાને લેવી જરૂરી જણાતી હોઈ, ન્યાયિક સરળતા ખાતર તેને નીચે મુજબ રજુ રાખેલ છે.

**કલમ–૧૦૧ : સાબિતીનો બોજો :–**

**"જો કોઈ એમ ઈચ્છતો હોય કે તેણે પ્રતિપાદિત કરેલી હકીકતોની સાબિતીના અસ્તિત્વ ઉપર આધારીત કોઈ કાયદેસરના હક અથવા જવાબદારી**

**વિષે કોઈ બીજુ ન્યાયલય ફેસલો આપે, તો તેણે સાબિત કરવું પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે.**

**કોઈ વ્યકિત, કોઈ હકીકતનું અસ્તિત્વ સાબિત કરવા બંધાયેલી હોય, ત્યારે સાબિતીનો બોજો તે વ્યક્તિ ઉપર છે, એમ કહેવાય."**

આમ, જે વ્યકિત પોતાની તરફેણમાં હુકમ મેળવવા માંગતી હોય અને તે જે વસ્તુ ઉપર આધાર રાખતા હોય ત્યારે તે વ્યકિતએ તેને સાબિત કરવી જોઈએ. જો વાદી આવી હકીકત પુરાવાથી પુરવાર કરી શકે તો તેથી વિપરીત સાબિત કરવાનો બોજો પ્ર તિવાદી ઉપર ખરો છે. તેવી જ રીતે મેકસીમ જોઈએ તો "Affirmati nonneganti in combit probatio" અર્થાત–જે વ્યકિત જે હકીકતો ઉપર આધાર રાખતી હોય તેની પુરાવાનો બોજો તેના ઉપર રહેલો છે.આમ, સદરહું કાયદાકીય પરિસ્થિતિ ધ્યાને લેતાં તેમજ કેસના ન્યાયિક નિર્ણયમાંથી કારણોની ચર્ચા કરતા પહેલાં અત્રે નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં પ્રતિવાદીને કરેલ સિધ્ધાંતો ધ્યાને લેવા જરૂરી હોય તેને નીચે મુજબ રજુ રાખેલ છે.

**(૧૧.૩)** નામદાર સર્વોચ્ચ અદાલતે પૂનમ રામ વિરુધ્ધ મૈચત મોતિરામનાં વારસો કે જેનાં સિવિલ અપીલ નં.૪૫૨૭/૨૦૦૯નાં કામે નીચે મુજબનો સિધ્ધાંત પ્રતિપાદિત કરેલ છે."17. The plaintiff has to prove his case to the satisfaction of the Court. He cannot succeed on the weakness of the case of the defendant."

**(૧૧.૪)** નામદાર સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ વિરુધ્ધ નોમિસિંઘ અને બીજાઓ કે જેનો સિવિલ અપીલ નં.૩૦૫૦/૨૦૧૫ છે, તે કામે નીચે મુજબનો સિધ્ધાંત પ્રતિપાદિત કરેલ છે.

"It is settled principle of law that in respect of relief claimed by a plaintiff, he has to stand on his own legs by proving his case. On perusal of the impugned order passed by the High Court, this Court finds that the High

Court has wrongly shifted burden of proof on the defendants."

આમ, ઉપરોકત રજુ નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લેતા દિવાની કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, દિવાની દાવામાં પુરાવાઓનું મૂલ્યાંકન કરતી વખતે પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સિધ્ધાંત ઉપર આધાર રાખવાનો છે તથા વાદીએ પોતાનો કેસ પોતાના પુરાવાઓથી સાબિત કરવાનો છે અને તેઓ પોતાનો કેસ સાબિત કરવા માટે પ્રતિવાદીની નબળાઈ ઉપર આધાર રાખવાનો નથી.આમ, ઉપરોકત ઠરાવવામાં આવેલ સિધ્ધાતો તથા કેસ હકીકત તથા બંને પક્ષકારો ધ્વારા કરવામાં આવેલ દલીલો ધ્યાને લઈ આ દાવાનાં પુરાવાનું મુલ્યાંકન કરવામા આવે છે.

**(૧૨.૧) મુદ્દા નં. ૧:-શું વાદી પુરવાર કરે છે કે આ કામના પ્રતિવાદીએ રૂા.૨૮,૩૫૫/-નો માલ તેઓની પાસેથી ખરીદ કરેલ છે ? મુદ્દા નં.ર :-શું વાદી પુરવાર કરે છે કે,રૂા.૨૮,૩૫૫/- પ્રતિવાદીને માલનો વેચાણ કરેલ તે પેટે લ્હેણા છે.?** આ કામે વાદીપક્ષે પ્રતિવાદીને માલનું વેચાણ કરેલ હોવાની હકીકત જણાવેલ છે જે ધ્યાને લેતા વાદીની પેઢી મેર્સસ વલીભાઇ રસુલભાઇ રજીસ્ટર્ડ હોય તે બાબતે રજીસ્ટ્રેશન સટીફીકેટ આંક-૧૯થી રજુ કરેલ છે અને હાલના વાદીને દાવો લાવવા માટે પાવર ઓફ એર્ટની આપેલ હોય જેની નકલ આંક-૨૦થી રજુ છે અને આ કામે વાદીએ પ્રતિવાદીને માલનું વેચાણ કરેલ હોય બીલ નં.૫૦૩ તા.૧૭/૦૨/૨૦૨૪ રૂા.૨૮,૩૫૫/-ની ઓફીસ કોપી આંક-૧૫થી રજુ રાખેલ છે આ કામે **વાદી-દીલાવરભાઇ ગુલાસહુશેન મેમણની આંક-૧૨થી** પ્રતિવાદીપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા,વાદીપક્ષે એ હકીકત કબુલ રાખેલ છે કે,<u>આ કામના પ્રતિવાદી કોન્ટ્રાકટર તરીકેનો ધંધો કરતા હોય તે બાબતેનો કોઇ દસ્તાવેજી પુરાવો મારી પાસે નથી અને આ કામના પ્રતિવાદી અગાઉ અવારનવાર અમારી પાસેથી રોકડેથી માલની ખરીદી કરતા હતા અને મને દાવાના રેકર્ડમાંથી આંક-૧૫વાળુ બીલ બતાવવામાં આવે છે અને તેમાં માલ ખરીદનારની સહી છે કે કેમ તે બાબતે પુછતાં જણાવુ છું કે,તેમાં ખરીદનાર તરીકે પ્રતિવાદીની સહી નથી</u> આમ, આ કામે આંક-૧૫થી રજુ થયેલ વેચાણ બીલની

ઓફીસ કોપી/વેચાણકર્તાની કોપી ધ્યાને લેવામાં આવે તો તે તા.૧૭/૨/૨૦૨૪ના રોજનું બીલ નં.૫૦૩ છે તેમા ખરીદનારનુ નામ બારોટ જીગનેશભાઈ મહેશભાઈ રહે.મોકમપુરા લખેલ છે અને માલ લેનારની તેમાં કોઈ સહી કરવામાં આવેલ નથી અને વાદીએ એ હકીકત પણ સ્વીકારેલ છે તેઓની પાસે વેચાત બાબતેનો આંક-૧૫વાળા બીલ સીવાય અન્ય કોઈ દસતાવેજી પુરાવો નથી અને આ કામે પ્રતિવાદીપક્ષે વાદી સાથે કહેવાતો કોઈ ખરીદી-વેચાણનો વ્યહાર ન થયેલાનું જણાવેલ છે તેવા સંજોગોમાં ભારતીય પુરાવા અધીનીયમન કલમ-૧૦૧ અને ૧૦૨ની જોગવાઈઓ ધ્યાને લેતા તે હકીકત પુરવાર કરવાની જવાબદારી વાદીપક્ષની રહે છે. તે બાબતે **નામદાર ગુજરાત હાઈકોર્ટના હીરજી જાદવા વરસાની વિ. પીંજોરીયા એન્ડ કું. ૨૦૨૬(૦) ગુજએચસી ૪૦૪૯૨**ના ચુકાદાના પેરા નં.૧૨માં એવું ઠેરવેલ છે કે,

12. Before, I discuss evidence of Exh.106, let refer the recent FIndings of this Court in regards to burden of proof on the plaintiff to prove the claim u/s 101 and 102 of the Evidence Act. This Court in case of **District Collector and another Vs. Iqbalhussain Ibrahim Shaikh, rendered in First Appeal No.6729 of 1998**, held in para 21 to 24 as under:

"21. Sections 101 and 102 of the Indian Evidence Act, cast the burden upon the plaintiff to prove the facts asserted by him. Sections 101 and 102 of The Indian Evidence Act, 1872, read as under:

"101. **Burden of proof**.–Whoever desires any Court to give judgment as to any legal right or liability dependent on the existence of facts which he asserts, must prove that those facts exist. When a person is bound to prove the existence

of any fact, it is said that the burden of proof lies on that person.

102. **On whom burden of proof lies**.–The burden of proof in a suit or proceeding lies on that person who would fail if no evidence at all were given on either side."

22. In the case of **Rangammal Vs. Kuppuswami, reported in AIR (2011) SC 2344**,the Hon'ble Supreme Court held that when a person is bound to prove the existence of any fact, it is said that burden of proof lies on that person. Thus, the burden of proving fact always lies upon the person who asserts it. Unless such burden is discharged, the other party is not required to be called upon to prove his case.

22.1 In the present case, the burden squarely rested upon the plaintiff to positively establish that he had suffered loss of the specific articles, furniture, fixtures, sewing machines and other belongings referred to in the impugned judgment, though not specially pleaded in the plaint. The plaintiff was further required to establish the extent of the economic loss allegedly suffered by him by leading cogent and reliable evidence. **Mere non-appearance of the defendants in the witness box would not, by itself, advance the case of the plaintiff or relieve him of the burden of proving his claim**.

23. In Rangammal (supra), the Hon'ble Supreme Court, in paragraph Nos. 36 to 38, reiterated the aforesaid principles and held as under:

“36. The onus was clearly on the plaintiff to positively establish his case on the basis of material available and could not have been allowed by the High Court to rely on the weakness or absence of defence of the defendant/ appellant herein to discharge such onus. The courts below thus have illegally and erroneously failed not to cast this burden on the plaintiff/respondent No.1 by clearly misconstruing the whole case and thus resulted into recording of findings which are wholly perverse and even against the admitted case of the parties.

37. It is further well-settled that a suit has to be tried on the basis of the pleadings of the contesting parties which is led in the suit before the trial court in the form of plaint and written statement and the nucleus of the case of the plaintiff and the contesting case of the defendant in the form of issues emerges out of that. This basic principle, seems to have been missed not only by the trial court in this case but consistently by the first appellate court which has been compounded by the High Court. 38. Thus, we are of the view, that the whole case out of which this appeal arises had been practically made a mess by missing the basic principle that the suit should be decided on the basis of the pleading of the contesting parties after which Section 101 of The Evidence Act would come into play in order to determine on whom the burden falls for proving the issues which have been determined.

24. Elaborating upon the same proposition of law, the Hon'ble Supreme Court in the case o**f C.N. Ramappa Gowda v. C.C. Chandregowda (Dead) by LRs & Anr.** examined the scope and effect of Order VIII Rule Rule 10 and Order XII Rule 6 of the Code of Civil Procedure. The Court held that mere failure of the defendant to file a written statement does not automatically entitle the plaintiff to a decree, nor can the defendant be non suited solely on that ground. In such circumstances, the Court is required to adopt a cautious approach and satisfy itself that the plaintiff has established his claim on the basis of admissible and reliable evidence. Paragraph 29 of the aforesaid judgment reads as under:

"29.It is a well acknowledged legal dictum that assertion is no proof and hence, the burden lay on the plaintiff to prove that the property had not been partitioned in the past even if there was no written statement to the contrary or any evidence of rebuttal. The trial court in our view clearly adopted an erroneous approach by inferring that merely because there was no evidence of denial or rebuttal, the plaintiff's case could be held to have been proved. The trial court, therefore, while accepting the plea of the plaintiff-appellant ought to have recorded reasons even if it were based on exparte evidence that the plaintiff had succeeded in proving the jointness of the suit property on the basis of which a decree of partition could be passed in his favour."

આમ, આ કામે વાદીપક્ષે આ કામના પ્રતિવાદીને માલનું વેચાણ કરેલ હોય અને તે પટે રૂા.૨૮૩૫૫/–કાયદેસરના લેણા પેટે બાકી નીકળતા હોય તે બાબતની હકીકતના સમર્થનમાં આંક–૧૫વાળા વેચાણબીલ સીવાય અનય કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી અને આંક–૧૫વાળા બીલમાં માલ ખરીદનારની પણ સહી નથી.આ કામે વાદીપક્ષે આંક–૧૫વાળા વેચાણબીલો સીવાય અન્ય કોઈ ધંધાના વ્યવહારોનો રોજમેળ,માલ આપેલાનું ડીલીવરી ચલણ કે ધંધાના હીસાબો કે આવકવેરા રીર્ટન ભરેલ હોય અને તેમા વેચાણની રકમ બાકી હોય તે દશાવતો કોઈ પુરાવો વાદીપક્ષ રજુ રાખી શકેલ નથી આમ,પ્રતિવાદીને માલનું વેચાણ કરેલ હોવાની હકીકત કોજન્ટ અને કન્વીનસીગ પુરાવાથી પુરવાર કરવામાં અસફળ રહેલ છે.આમ, **મુદા નં.૧ અને ૨**નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

(૧૨.૨) **મુદ્દા નં.૩ :–**શું પ્રતિવાદી પુરવાર કરે છે કે,આ કામના વાદીએ બીલ નં.૫૦૩, તા.૧૭/૦૨/૨૦૨૪ વાળુ ખોટુ ઉભુ કરેલ છે?

આ કામે પ્રતિવાદીપક્ષે મુદા નં.૩ પુરવાર કરવા માટે કોઈ પુરાવો રજુ કરેલ નથી અને વાદીપક્ષની ઉલટતપાસમાં પણ આંક–૧૫વાળુ બીલ નં.૫૦૩ તા.૧૭/૦૨/૨૦૨૪ ખોટુ હોવા બાબતેની કોઈ ફાળદાયી હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી તેવા સંજોગોમાં પ્રતિવાદી મુદા નં.૩ પુરવાર કરવામાં નીષ્ફળ ગયેલ હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવું છે. જેથી **મુદા નં.૩નો** જવાબ **નકાર**માં આપવામાં આવે છે.

(૧૨.૩) **મુદ્દા નં.૪ :–**શુ હાલના દાવાને કાયદાને બાધ નડે છે ?

આ કામે વાદીપક્ષે આંક–૧૫વાળા બીલ મુજબનો વેચાણનો વ્યવહાર તા.૧૭/૦૨/૨૦૨૪ના રોજનો કરેલાનું જણાવેલ છે અને તે બાબતની લેણી રકમ ત્રણ વષની સમયમયાદામાં કરવાનો હોય છે અને વાદીએ હાલનો દાવો નિયત સમયમર્યાદમાં કરેલ હોય હાલના દાવાને કોઈ કાયદાનો બાધ નડતો ન હોવાનું ફલીત થાય છે. જેથી **મુદા નં.૪**નો જવાબ **નકારમાં** આપવામાં આવે છે.

**મુદ્દા નં.૫ :–** શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

આ કામે મુદા નં.૧ અને મુદા નં.૨નો જવાબ નકારમાં આપવામાં આવેલ હોય તેવા સંજોગોમાં વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર ન થતા હોવાનું ઠરાવી **મુદા નં.૫**નો જવાબ **નકાર**માં આપવામાં આવે છે.

**મુદ્દા નં.૬ :–** શું હુકમ અને હુકમનામું?

આ કામે મુદ્દા નં.૬ સંદર્ભે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

***–:: હુકમ ::–***

(૧) વાદીનો હાલનો દાવો નામંજુર કરવામાં આવે છે.

(૨) વાદી અને પ્રતીવાદીએ દાવાનો ખર્ચ જાતે ભોગવવો.

(૪) હુકમ મુજબ હુકમનામુ દોરવું.

આ હુકમ આજરોજ તા.૨૧મી,માહે–જુલાઇ,સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૧/૦૭/૨૦૨૬
વડાલી

**(સુનિલકુમાર.એમ.પટેલ)**
પ્રિન્સીપાલ સીવીલ જજ,વડાલી
(જજ કોડ નં.જીજે૦૧૭૦૪)

//R.N..P.//